# સને ૨૦૨૪ સીઝનની ટીમરૂપાન એકમોના ઉચ્ચક ધોરણે વેચાણ કરવા માટેની ટેન્ડર નોટીસની શરતોમાં સુધારો કરવા બાબત.

સને ૨૦૨૪ની સીઝનના અનુસૂચિત અને બિન અનુસૂચિત વિસ્તારના ટીમરૂપાન એકમોનું ઉચ્ચક ધોરણે વેચાણ કરવા માટેની ટેન્ડર નોટીસની શરતો તા.૮-૨-૨૦૨૪થી બહાર પાડવામાં આવેલ. સરકારશ્રીની સલાહકાર સમિતિ દ્વારા ટીમરૂપાન સીઝન ૨૦૨૪ માટે ટીમરૂપાન એકત્રીકરણ દર પ્રતિ સ્ટા.બોરા રૂ.૧300/- થી વધારો કરી પ્રતિ સ્ટા.બોરા રૂ.૨000/- કરી તેનું ચુકવણું એકત્રીકારોના બેંક ખાતામાં કરવા અંગે ઠરાવેલ છે. જેના પરત્વે ટીમરૂપાન સીઝન ૨૦૨૪ના ઉચ્ચક વેચાણના ટેન્ડરની શરતોમાં તેનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. જેના પરત્વે ટીમરૂપાન વેપારી મંડળ, ટીમરૂપાન એકત્રીકરણની કામગીરીમાં સંકળાયેલ ફડમુન્શીઓ, ફડકલાર્કઓ તથા એકત્રીકારો સાથે થયેલ બેઠકોમાં થયેલ ચર્ચાઓ/ રજુઆતોને ધ્યાને લેતાં તેમ જણાયેલ છે કે, ટીમરૂપાનની સીઝન પાસે હોય હજારો એકત્રીકારોને હજારો વ્યવહારોના નાણાં બેન્ક ખાતામાં ટુંકી સીઝનમાં ચુકવવા માટે જોઇતો સમય / માળખાકીય સુવિધાનો હાલ અભાવ છે. હજારો એકત્રકારો સીઝનમાં મળતી આજીવિકાથી વંચિત ન રહી જાય અને ટીમરૂપાન વેપારીઓ પણ એકમોના વેચાણમાં હોંશે-હોંશે ભાગ લે, તે હેતુથી નિગમ દ્વારા ટીમરૂપાન સીઝન ૨૦૨૪ની ટેન્ડર શરતોમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| શરત નં. | મુળ શરત | સુધારેલ શરત |
|---|---|---|
| ૨૮ (અ) | ખરીદદારે સને ૨૦૨૪ મોસમ માટે પ્રતિ સ્ટા.બોરા દીઠ રૂ.૨૦૦૦/- મુજબ પ્રાપ્તિદર સંચયકારોને વ્યક્તિગત રીતે ચૂકવવાનો રહેશે. આ વિગતો તેઓએ ફોર્મ નં.-૧ મુજબ ફડ મુન્શી મારફતે તૈયાર કરવાની રહેશે. અને ચૂકવણાંનો તમામ હિસાબ વ્યવસ્થિત રાખવાનો રહેશે. ટીમરૂપાન એકત્રીકારો દ્વારા એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનનું ચુકવણું રૂ.૨૦૦૦/- પ્રતિ સ્ટા.બોરા લેખે તેઓના બેન્ક ખાતામાં જમા આપવાના રહેશે. બેન્ક ખાતામાં જમા કરાવેલ રકમની માહિતી (બેન્કના વ્યવહારના પુરાવા સાથે) તથા સંચયકારોની યાદી નિગમને મોકલવાની રહેશે.<br><br>ખરીદદારે સને ૨૦૨૪ મોસમ માટે ફડમુન્શીને નિયુક્તિ કરતા સમયે જે.એફ.એમ. સમિતિને અથવા સખી મંડળને પ્રાધાન્ય આપવાનું રહેશે. તેમજ નિયુક્તિ કરેલ ફડમુન્શીના નામ-સરનામાની વિગતો સબ ડીવીઝનલ મેનેજરને ડીવીઝન કક્ષાએ લેખિતમાં જાણ કરવાની રહેશે. | ખરીદદારે સને ૨૦૨૪ મોસમ માટે પ્રતિ સ્ટા.બોરા દીઠ રૂ.૨૦૦૦/- મુજબ પ્રાપ્તિદર સંચયકારોને વ્યક્તિગત રીતે ચૂકવવાનો રહેશે. આ વિગતો તેઓએ ફોર્મ નં.-૧ મુજબ ફડ મુન્શી મારફતે તૈયાર કરવાની રહેશે. અને ચૂકવણાંનો તમામ હિસાબ વ્યવસ્થિત રાખવાનો રહેશે.<br><br>ખરીદદારે સને ૨૦૨૪ મોસમ માટે ફડમુન્શીને નિયુક્તિ કરતા સમયે જે.એફ.એમ. સમિતિને અથવા સખી મંડળને પ્રાધાન્ય આપવાનું રહેશે. તેમજ નિયુક્તિ કરેલ ફડમુન્શીના નામ-સરનામાની વિગતો સબ ડીવીઝનલ મેનેજરને ડીવીઝન કક્ષાએ લેખિતમાં જાણ કરવાની રહેશે. |
| 30(ડ) | ખરીદદાર દ્વારા ટીમરૂપાનનો નિયત પ્રાપ્તિ દર રૂ.૨૦૦૦/- (સ્ટા.બોરા દીઠ) બરાબર ચુકવાય છે કે કેમ તે બાબત નિગમના કોઇપણ અધિકારી કોઇપણ સમયે તપાસી શકશે | ખરીદદાર દ્વારા ટીમરૂપાનનો નિયત પ્રાપ્તિ દર રૂ.૨૦૦૦/- (સ્ટા.બોરા દીઠ) બરાબર ચુકવાય છે કે કેમ તે બાબત નિગમના |

| | | |
|---|---|---|
| | અને તપાસણી દરમ્યાન ધ્યાનમાં આવેલા ઓછા ચૂકવણા માટેની જવાબદારી ખરીદદારની રહેશે. પ્રાપ્તિ દર સ્વરૂપે ઓછા ચૂકવાયેલા નાણાં ખરીદદાર પાસેથી વસુલ મેળવવા અને ખરાપણાની રકમ ખાલસા કરી ખરીદદાર સાથેનો સોદો રદ કરવા અંગેનો નિર્ણય નિગમ લઇ શકશે. આવો નિર્ણય લેતાં પૂર્વે ખરીદદારને સાંભળવામાં આવશે. નિગમ દ્વારા ત્યારબાદ લેવામાં આવેલ નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે. ટીમરૂપાન એકત્રીકારો દ્વારા એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનનું ચુકવણું રૂ.૨૦૦૦/- પ્રતિ સ્ટા.બોરા લેખે તેઓના બેન્ક ખાતામાં જમા આપવાના રહેશે. બેન્ક ખાતામાં જમા કરાવેલ રકમની માહિતી (બેન્કના વ્યવહારના પુરાવા સાથે) તથા સંચયકારોની યાદી નિગમને મોકલવાની રહેશે. | કોઇપણ અધિકારી કોઇપણ સમયે તપાસી શકશે અને તપાસણી દરમ્યાન ધ્યાનમાં આવેલા ઓછા ચૂકવણા માટેની જવાબદારી ખરીદદારની રહેશે. પ્રાપ્તિ દર સ્વરૂપે ઓછા ચૂકવાયેલા નાણાં ખરીદદાર પાસેથી વસુલ મેળવવા અને ખરાપણાની રકમ ખાલસા કરી ખરીદદાર સાથેનો સોદો રદ કરવા અંગેનો નિર્ણય નિગમ લઇ શકશે. આવો નિર્ણય લેતાં પૂર્વે ખરીદદારને સાંભળવામાં આવશે. નિગમ દ્વારા ત્યારબાદ લેવામાં આવેલ નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે. |
| 33 (૧) | ટીમરૂપાન એકત્ર કરવા માટે સંચયકારોને ચુકવવામાં આવેલ પ્રાપ્તિ દર અંગેના ચુકવણી પત્ર ( ટીમરૂ ફોર્મ નં.૧) પૂર્તતા બાબતની ચકાસણી કરવા માટે નિગમને સુપ્રત કરશે. ટીમરૂપાન એકત્રીકારો દ્વારા એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનનું ચુકવણું રૂ.૨૦૦૦/- પ્રતિ સ્ટા.બોરા લેખે તેઓના બેન્ક ખાતામાં જમા આપવાના રહેશે. બેન્ક ખાતામાં જમા કરાવેલ રકમની માહિતી (બેન્કના વ્યવહારના પુરાવા સાથે) તથા સંચયકારોની યાદી નિગમને મોકલવાની રહેશે. | ટીમરૂપાન એકત્ર કરવા માટે સંચયકારોને ચુકવવામાં આવેલ પ્રાપ્તિ દર રૂ.૨૦૦૦/- પ્રતિ સ્ટા.બોરા અંગેના ચુકવણી પત્ર (ટીમરૂ ફોર્મ નં.૧) પૂર્તતા બાબતની ચકાસણી કરવા માટે નિગમને સુપ્રત કરશે. |

વડોદરા
તા.૨૨-૨-૨૦૨૪

ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ વતી

મેનેજીંગ ડાયરેકટર